# સાતમું શિખર

આપણે બસ આપણાથી પર થવાનું હોય છે,
એટલે કે આભથી અધ્ધર થવાનું હોય છે.

કાળનું ભૂખ્યું વિહગ ક્ષણેકમાં આવી જશે,
શ્વાસને પોષણ બની હાજર થવાનું હોય છે.

જળ ઉપર આવી શકે, પણ છે શરત બસ એટલી,
કોઈએ તો પાત્રમાં કંકર થવાનું હોય છે.

સાચવી રાખી રહસ્યો સૂર્ય તો ઊંઘી જશે,
સૌપ્રથમ આકાશને બિસ્તર થવાનું હોય છે.

આ હવા જાતે સુરક્ષિત સ્થાન શોધે છે ફરી,
આશરો આપી દીવાએ ઘર થવાનું હોય છે.

એક પડછાયો અનિશ્ચિત પ્રશ્ન પર ઊભો હશે;
દ્વાર ખોલી ટાંકણે ઉત્તર થવાનું હોય છે.

લક્ષ્ય સાધો તો તમે પામી શકો ઊંચાઈને;
આંખ મીંચી સાતમું શિખર થવાનું હોય છે.

*(કાવ્યસભા : વર્તમાન કવિતાનો વિજાજ,*
*સંપાદક : અંકિત ત્રિવેદી)*

# સાદગી મળી છે....

જાહોજલાલી ક્યાં છે? આ સાદગી મળી છે,
રાતો ઉજાળવાની દીવાનગી મળી છે.

એ વાત છે અલગ કે પામે નહીં તું ચિંતન
સંજોગ ને સમયની દશ્યાવલિ મળી છે.

જો હોય પોત તારું તો પામશે અકિંચન,
વૈશ્વિક ચેતનાની સુરાવલી મળી છે!

જાગી ગયેલા શ્વાસે ઉચ્છ્વાસને કહ્યું કે-,
આવાગમનની કેવી આ તાજગી મળી છે!

માળા, મુગટ, સુદર્શન અદશ્ય થઈ ગયાં છે;
બે હોઠ વચ્ચે એવી તો વાંસળી મળી છે!

તારા ઉપર નભે છે સર્જન અને વિસર્જન;
માટીપગા શહેરમાં દીવાસળી મળી છે!

સાગર તરાય એવો હુન્નર હું ક્યાંથી લાવું?
પ્રત્યેક આંખમાંથી એક માછલી મળી છે!

શબ્દોથી દૂર જાવું સંભવ નથી કદી પણ;
માટે જ સાધનાની આ પાલખી મળી છે...!

■

# નયનની પાર પહોંચી છે

અમારી તો બધી પીડા નયનની પાર પહોંચી છે.
તમારી કેટલી ઇચ્છા ગગનની પાર પહોંચી છે?

નવાઈ શું કરી છે વાંસળીને ફૂંક મારીને?
તડપતી કેટલી ફૂંકો અગનની પાર પહોંચી છે!

તમોને યાદ ના આવે અમે ભૂલી નથી શકતા,
સલામી જૂજ હાથોની વતનની પાર પહોંચી છે!

તમે સામા મળો તો એક છાની વાત કહેવી છે :
'તમારા શ્વાસની ઉષ્મા વજનની પાર પહોંચી છે.'

તમે આગળ વધો છો પણ બધાં પગલાંઓ ભૂંસીને;
હવે એ રાહની રહેમત સ્વજનની પાર પહોંચી છે!

અસલમાં તો બધો શણગાર છે આ બુદબુદા ઉપર;
બધી અતૃપ્ત ઇચ્છાઓ કફનની પાર પહોંચી છે!

કસર કરતો રહ્યો હું રોજ એ થડકાને ગણવામાં,
ખબર છેલ્લે પડી તસ્બી ભવનની પાર પહોંચી છે...!

■

# આરપાર

જાણમાં બધું જ છે ને જાણ બહાર તું જ છે.
તું સતત રહે કિનારે સામે પાર તું જ છે.

તું સ્વયંભૂ રાગમાં જ ભિન્ન ષડજ થઈ વહે,
ને પછી અશબ્દ સૂર, તારતાર તું જ છે.

આજ તું મંથર ગતિએ ચાલતો પવન બને,
ક્વચિત સમયના અશ્વ પર એ મારમાર તું જ છે.

તાકતું નિશાન તું ને હું સકળ વીંધાઈ જઉં,
જે કરે છે તરબતર, એ આરપાર તું જ છે.

તું ધજા ઉપર રહી દિશાસૂચનમાં વ્યસ્ત છે,
રાજ્યમાં ત્વરિત પ્રસરતો કારભાર તું જ છે.

રંગમંચથી વિશેષ કંઈ નથી જીવન તમામ;
દ્વારપાળ તું સ્વયં ને સૂત્રધાર તું જ છે.

તું પ્રથમ ચરણ બને પ્રવાસનું અહીં અને,
માર્ગમાં ઘેરી વળે એ અંધકાર તું જ છે.

જીવ સાથ દે પરંતુ દેહ સાથ દે નહીં
મોક્ષમાં પંચેન્દ્રિયોને પામનાર તું જ છે.

શાશ્વતી ક્ષણો બધી સંભાવનાથી પર થશે,
તિમિરની ગર્તમાં નિશાને આંજનાર તું જ છે.

તું અગર કશે નથી તો હુંય ના રહું કશે,
સાધનાર તું હશે જો તારનાર તું જ છે.

■

# બે ઘડીમાં આવું....

જળને જરા મનાવી હું બે ઘડીમાં આવું.
પથ્થર બધા તરાવી હું બે ઘડીમાં આવું.

આપી દીધી છે જગ્યા બારીની વચ્ચે કેવી!
આકાશ ઘરમાં લાવી હું બે ઘડીમાં આવું!

જુઓ જો રાહ મારી સાચું કહું છું તમને,
બાળકને ફોસલાવી હું બે ઘડીમાં આવું.

થાકી ગયા છે લોકો અંધાર વાગોળીને,
ચકમક જરા જલાવી હું બે ઘડીમાં આવું.

નાટક છે એમ ભૂલી સૌ પાત્રમાં ડૂબ્યાં છે
પડદો પ્રથમ ઉઠાવી હું બે ઘડીમાં આવું!

સંસાર તાપણું છે સૌ તાપવાને બેઠાં,
બાકસ પીડાને આપી હું બે ઘડીમાં આવું!

એના સુકાન માટે તરસે બધા ખલાસી;
દરિયાને એ જણાવી હું બે ઘડીમાં આવું!

આવી શકું જો પાછો ઉપલબ્ધિ એને ગણજો;
છેલ્લું વચન નિભાવી હું બે ઘડીમાં આવું...!

■

# છુટ્ટા પડ્યાનો ભાવ

મનગમતો એ પડાવ પછી ઓગળી જશે,
છુટ્ટા પડ્યાનો ભાવ પછી ઓગળી જશે.

ભીતર પ્રવેશવાને કર સામનો સતત,
માટીનો એ પ્રભાવ પછી ઓગળી જશે!

પંખીઓ પાળ પરના પથ્થર બની જશે,
બાકી બચ્યું તળાવ પછી ઓગળી જશે!

ભૂતકાળ તારા નામનો ખૂંચ્યા કરે પ્રબળ,
જૂનાં સ્મરણનો ઘાવ પછી ઓગળી જશે.

ખોવાઈ જાય માણસ મળતી નથી નિશાની;
'હોવું' - રહસ્યભાવ, પછી ઓગળી જશે!

આયોજનો થયાં છે ને યોજના ઘડી છે,
દોડી રહ્યાનો દાવ પછી ઓગળી જશે!

ગાતા ગવાઈ જાય પણ કંઠ ના મળે તો
ગીતોના હાવભાવ પછી ઓગળી જશે!

તારા વિચાર અંગે હું કંઈ જ ના વિચારું,
શ્વાસોની આવ-જાવ પછી ઓગળી જશે!

વૃક્ષો ભૂલી જશે આ કિરણોની હારમાળા;
આકાશનો લગાવ પછી ઓગળી જશે!

રંગોની ભાતમાં પણ કણસે ઉદાસ પીંછી,
ચિત્રોનો આ ઉઠાવ પછી ઓગળી જશે...!

■

# પંખી પાછાં આવે છે

તેં વેરેલા દાણા ચણવા પંખી પાછાં આવે છે.
આંબળી-પીપળી રમતાં રમતાં ટહુકા સાચા આવે છે.

પાંચ પતંગિયાં તારા નામે, પાંચ મોરલા મારા નામે,
આતુરતાનો લાવી અંત કલરવની ભાષા આવે છે!

તેં દીધેલા સરનામાના અક્ષર અક્ષર સાચવતા,
કોઈ અતિથિ જેવા દ્વારે આજ વહાણાં આવે છે!

બંસીનો એ નાદ સાંભળી કામ અધૂરાં મૂકી પડતાં,
નેહ નીતરતી, ભાવ ભીંજવતી ભોળી રાધા આવે છે.

આખ્ખેઆખો દરિયો સાજન એની બે આંખોથી છલકે;
એ દરિયાની સાથે સાથે હજાર વાનાં આવે છે!

આસોપાલવ આંગણ વાવી, રંગોળીની ભાત સજાવી,
હવે ખીલતી પાંખડીઓના હોઠે વાચા આવે છે!

આજ તમારી છાપ ગોરાંદે રોટલા ઉપર ભાળી છે;
આજ ફરીથી ટાઢા કોળિયે બત્રીસ ભાણાં આવે છે!

ઝાઝાં જીવવા-મરવા ઉપર કોની અંગત મરજી છે, ભાઈ!
વેતરણીની પાર જઈને કોની છાયા આવે છે?

આરોહણ ને અવરોહણનાં સાત પગથિયાં પૂજ્યાં છે;
સેંથો પૂરી, કેશ ગૂંથાવી રણઝણતી આશા આવે છે...!

■

# વહેતી ક્ષણોનો ભાર

આ પાર પણ નથી ને ઓ પાર પણ નથી જો
વહેતી ક્ષણોનો કોઈ હવે ભાર પણ નથી જો.

ચાહે જીવે ક્ષણોમાં, ચાહે જીવે સદીમાં,
વૃત્તાંત પર તો મારો અધિકાર પણ નથી જો.

ઇચ્છે તો એ જણાવે પૂર્વાર્ધ વાંસળીનો,
ફૂંક્યો છે શંખ એનો કોઈ સાર પણ નથી જો.

જીતી જવાયું તો પણ આનંદ ક્યાં મળ્યો છે?
હું કેમ કહું કે મારી એ હાર પણ નથી જો.

સામા સમયની થાશો, ફેંકાશો દૂર જઈને,
મુઠ્ઠીમાં હસ્તરેખા પળવાર પણ નથી જો.

પૂછો તમે તો ઉત્તર હું ટૂંકમાં જણાવું,
લાંબી કથાનો અહીંયાં સુણનાર પણ નથી જો!

હોડીઓ લઈ જનારા તમને ખબર નથી પણ,
સામે નથી કિનારો મઝધાર પણ નથી...! જો!

પાંખો મળી મજાની તો ઊડવું પડે છે;
ઊડીને ક્યાં પહોંચવું વિસ્તાર પણ નથી જો!

■

# પડઘા મને મળે છે...

તારા અવાજના અહીં પડઘા મને મળે છે.
હું મૌન થઈને સાંભળું ઝરણાં મને મળે છે.

ઇચ્છો તમે તો ત્યારે શમણાં પરત મળે છે,
માળાને તાકી બેઠાં તરણાં મને મળે છે.

તારામાં જે રીતે તું સૌને સમાવી લે છે,
મારામાં એમ આખ્ખી ઘટના મને મળે છે!

તું તેજની સપાટી, હું રંગ પર્વતોનો;
વાવેલ શાશ્વતીના ફણગા મને મળે છે!

પાયાની વાત હરદમ જે ટોચને અડે છે,
એ ટોચની સુયોજિત અફવા મને મળે છે!

રેતીના ઢગ વળોટી જિજ્ઞાસુ જે થયા છે,
આવીને એ જ પાછાં હરણાં મને મળે છે!

દરિયા ભીતર નદીનાં સપ્તક ડૂબી ગયાં છે;
મોજાં ઉપરથી એનાં પગલાં મને મળે છે!

શ્રદ્ધા ફરીથી એવી સ્થાપી છે યાચકોએ,
સૌ પ્રાર્થનાની સામે પડદા મને મળે છે!

સિક્કાની બેય બાજુ પૂરક બની રહે છે;
એવી જ પૂર્ણતાથી દુનિયા મને મળે છે...!

■

# તારું પ્રભુ પ્રમાણ...

આથી વધારે આપવું સર્જનનું શું પ્રમાણ?
આભાસ દૂર થાય ને જાગી જતું પ્રમાણ.

વસ્ત્રો નવાં નવાં અને છે દેહ પણ નવીન,
જૂનું કદી ન થાશે કાયમ નવું પ્રમાણ.

તારા ભરોસે હાંકવું મારે મારું વહાણ,
દરિયા વળોટી આવશે સાદું સીધું પ્રમાણ.

પામું વતનની ધૂળને, પામું જૂનો મિજાજ,
પગલાંમાં ઊઘડે જો એનું હજુ પ્રમાણ!

છે ઢાળ કેટલો પછી કેવી હશે એ દોડ?
- અટકળ પૂરી થતી અને થાતું શરૂ પ્રમાણ!

વસ્તુમાં હોય તો એ વાસ્તવ બને કદાચ;
અહીંયા તો લાગણીમાં જોડી દીધું પ્રમાણ!

ઇચ્છા, પ્રતીક્ષા, માણસ, કોશિશ અને કદર,
વસમું હવે પડે છે તારું પ્રભુ પ્રમાણ...!

■

# ઊભો છું કૈં યુગોથી

વિસ્મય અપાર લઈને ઊભો છું કૈં યુગોથી,
ભીની સવાર લઈને ઊભો છું કૈં યુગોથી.

ચૈતન્ય પણ નથી ને મૂર્ધન્ય પણ નથી કંઈ,
જીવન અસાર લઈને ઊભો છું કૈં યુગોથી.

એવી રીતે ઊભો છું જોડું છું બે ધ્રુવોને;
સંક્રાંતિ ભાર લઈને ઊભો છું કૈં યુગોથી!

જેને કહો છો નિષ્ફળ આખર તો એ વિજેતા,
નોખો વિચાર લઈને ઊભો છું કૈં યુગોથી!

પામી શકું ન એનો વિસ્તાર ગૂઢ થઈને,
સાદો પ્રકાર લઈને ઊભો છું કૈં યુગોથી!

કોઈ વણે છે ચાદર કોઈ ઉખેળે સળને,
એના જ તાર લઈને ઊભો છું કૈં યુગોથી!

પ્રાપ્તિની એ જ પળ છે, છે એ ત્યજ્યાની વેળા;
વનમાં વિહાર લઈને ઊભો છું કૈં યુગોથી...!

■

# વાત વણસી જાય છે

દ્વાર સહેજે ખોલીએ તો વાત વણસી જાય છે,
બારીઓ ફંફોસીએ તો વાત વણસી જાય છે.

પાંદડું ઊભું રહે મેરુ બનીને રાહ,
વૃક્ષને સંબોધીએ તો વાત વણસી જાય છે.

એકદમ ઊંચે ચડી એ ટોચને શોભાવશે,
સ્વપ્નને પડકારીએ તો વાત વણસી જાય છે!

ધારણામાં હોય છે એવી અદ્દલ તો એ નથી,
સાંજને શણગારીએ તો વાત વણસી જાય છે!

પોતપોતાની પીડાઓ ઊંચકી સૌ ચાલતા;
ધૂળને વંટોળીએ તો વાત વણસી જાય છે...

■

# સમયની વાત કરવી છે...

પ્રતીક્ષામાં વીતેલા એ સમયની વાત કરવી છે.
તમે જો સાંભળો તો દિગ્વિજયની વાત કરવી છે.

હવે કોઈ કસોટી કે પ્રલયની વાત કરવી છે.
અરીસામાં ઊઠેલા લય-વલયની વાત કરવી છે.

ઘણાં દૃષ્ટાંત દીધાં ને ઘણી લાંબી દલીલો થઈ.
નથી સમજ્યા તમે એવા વિષયની વાત કરવી છે.

તપાસો તો ઘણાં કારણ પતનનાં પણ મળી આવે;
પરંતુ આપણે કેવળ ઉદયની વાત કરવી છે

જીવનની રાહમાં તો કૈં ક્ષણો એકાકી મળતી પણ,
રહે છે રોજ સંગાથે, ઉભયની વાત કરવી છે!

પ્રથમ બે વ્યક્તિથી લઈને બને છે વિશ્વવ્યાપી જે,
સરળતમ ને સનાતન એ પ્રણયની વાત કરવી છે!

ભલે સમજણ બધાને છે અસર ને ગુણધર્મોનીઃ
પરામર્શો, સમીક્ષાઓ વલયની કરવી છે!

■

# વરસો સુધી રહેશે....

નથી એ વાતનો વૈભવ હજી વરસો સુધી રહેશે.
તમારા સ્નેહનો આસવ હજી વરસો સુધી રહેશે.

ન જાણે કેમ મારા સૂરને ભરચક કરી જાતો,
અજાણી પાંખનો કલરવ હજી વરસો સુધી રહેશે.

થતી ના જાણ ક્યાંથી આવશે ને ક્યાં જશે ચાલી?
પ્રબંધો પોષતો પગરવ હજી વરસો સુધી રહેશે.

નથી એ કંઠ શોષાયા, ન તો ઓછી સભા થઈ છે;
મહાલયમાં થતો ઉત્સવ હજી વરસો સુધી રહેશે.

જગતના સર્વ તડકાઓ થશે શીતળ ઘડીભરમાં,
અમારી માતનો પાલવ હજી વરસો સુધી રહેશે.

અણુથી આભમાં શબ્દસ્થ થતા એ મૌન પડઘાઓ,
કહે : 'હર તથ્યનો સંભવ' હજી વરસો સુધી રહેશે.

મહાભારત સમેટાતું નથી આ કોઈ પણ યુગમાં,
શકુનિ, કૃષ્ણ ને કૌરવ હજી વરસો સુધી રહેશે.

■

# સ્વરસંગમનાં અજવાળા

સ્વરસંગમનાં અજવાળાને હું જાણું છું, તું જાણે છે?
સાત જનમના સરવાળાને હું જાણું છું, તું જાણે છે?

પંખી આવી બેસે ડાળે, ઊડી જાતું સૂન ગગનમાં,
ટહુકા ઝંખે મનમાળાને હું જાણું છું, તું જાણે છે?

પડછાયાનો વેશ ભજવવા ઊપડી પડતા એક ઇશારે,
ભીતરના એ તરગાળાને હું જાણું છું, તું જાણે છે?

માટીમાં મહેનત વાવીને કોણ ઉછેરે છાનુંમાનું?!
ચાલી જાતા પગપાળાને હું જાણું છું, તું જાણે છે?

શ્વાસોની મદમસ્ત સાંઢણી કોના માથે કળશ ઢોળશે?
જીવનપથની વરમાળાને હું જાણું છું, તું જાણે છે?

વેરણ-છેરણ રાત ઉપાડી ચાંદા સાથ ઉચાળા ભરશે;
પાકટતાના પરવાળાને હું જાણું છું, તું જાણે છે?

દુનિયા જુદી, ભાષા જુદી, થોડું સમજું, ઝાઝું વિકસું;
માર્ગ હઠીલા પથરાળાને હું જાણું, તું જાણે છે...?!

■

# ઇતિહાસ લખ્યો છે...

બંદૂકની અણી પર ઇતિહાસ મેં લખ્યો છે.
ચપ્પુ અને છરી પર ઇતિહાસ મેં લખ્યો છે.

સંતાપની ઘડી પર ઇતિહાસ મેં લખ્યો છે.
ભુલાયેલી કડી પર ઇતિહાસ મેં લખ્યો છે.

પાણી ગયું સુકાઈ તો પણ ઊભી અડીખમ,
નકશાની એ નદી પર ઇતિહાસ મેં લખ્યો છે!

આકાશ દૂર થાતું, ભીંતો નજીક આવે -
એવી અગન-ધરી પર ઇતિહાસ મેં લખ્યો છે!

પંખી બધાં જ પૂછે કે વૃક્ષ ક્યાં ગયું છે?
માળાની સૌ સળી પર ઇતિહાસ મેં લખ્યો છે!

દીવાલનો અરીસો વાંચી રહ્યો એ અક્ષર,
ભૂંસાયેલી છબી પર ઇતિહાસ મેં લખ્યો છે!

ગાંધીની સભ્યતામાં છલકી રહી અહિંસા,
વસ્ત્રોની સાદગી પર ઇતિહાસ મેં લખ્યો છે!

શીખ્યો નથી કશું પણ ઇતિહાસ પરથી માણસ,
એની જ બાતમી પર ઇતિહાસ મેં લખ્યો છે...!

■

# શણગાર અલગ છે

સાજણનો અંબાર અલગ છે, સાધુનો શણગાર અલગ છે.
બંને ધાતુ એક, પરંતુ બંનેનો રણકાર અલગ છે.

એક પ્રામાણિકતાની પૂંજી, એક દીવાદાંડીની ઝળહળ,
બંનેની સમજણ છે જુદી બંનેની દરકાર અલગ છે.

એક તાપણું મારી અંદર, એક છાવણી તારી અંદર,
એકબીજાને ભેટે મનથી ભીતરનો સ્વીકાર અલગ છે.

તારા માટે શાંત ઝરૂખો, મારા માટે મન મંદિર છે,
તારી આ દૃષ્ટિથી ઓઝલ મારી પણ સરકાર અલગ છે!

મંદિરના મંજીરા કરતાં પરમ તેજની વાટાઘાટો,
મંદિરની એ મૂર્તિને મન શ્વાસોના ધબકાર અલગ છે.

રસ્તામાં ઝલમલતા દીવા સાંજ પડે ને પ્રગટે, સાજણ!
આંખોમાં પણ ઝળહળ થાતાં સપનાનો વિસ્તાર અલગ છે.

ચાલી જતા એકસામટા રસ્તાઓને ચાક ચડાવે,
થાકે પાકે તોય ન હારે જીવતરની વણઝાર અલગ છે.

સાગરનો ઘુઘવાટ છેક ઊંડાણેથી ઉત્પાત મચાવે,
સાત સમંદર પાર પહોંચતી નાવિકની પતવાર અલગ છે!

■